અપીલ અરજી નં.૩૨૧ તા.૧૧–૧ –૧૧
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી અબ્દુલવદુદ અહમદમીયા જારૂલ્લાહ
સામાવાળાઃ– ડે.કમિ.(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (રેકર્ડ)
ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકાર ટાઉન પ્લાનીંગ

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી અબ્દુલવદુદ અહમદમીયા જારૂલ્લાહની તા.૧–૧–૧૧ ની અરજીથી વોર્ડ નં.૧૧ નોંધ નં.૧૫૦૪ હાલની મુગલસરાય ખાતેની મહાનગરપાલિકાની મુખ્ય કચેરીની મિલ્કત (ઈમારત) સરકારી દફતરોએ કોના નામે ચાલે છે? જો મહાનગરપાલિકાના નામે હોય તો તે કયા દસ્તાવેજો કે હુકમોને આધારે તેની માલીકીની થઈ તેની સંપૂર્ણ માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૧૧–૧–૧૧ ની **SMC/FAP/** નં.૩૨૧/૨૦૧૦–૧૧

શ્રી અબ્દુલવદુદ અહમદમીયા જારૂલ્લાહની તા.૧–૧–૧૧ ની અરજીથી વોર્ડ નં.૧૧ નોંધ નં.૧૫૦૪ હાલની મુગલસરાય ખાતેની મહાનગરપાલિકાની મખ્ય કચેરીની મિલ્કત (ઈમારત) સરકારી દફતરોએ કોના નામે ચાલે છે? જો મહાનગરપાલિકાના નામે હોય તો તે કયા દસ્તાવેજો કે હુકમોને આધારે તેની માલીકીની થઈ તેની સંપૂર્ણ માહિતી આપવા બાબતે નિર્દિષ્ટ સમયગાળામાં મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૧–૧–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ , આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા સાથે અપીલના મુદ્દા અંગે તેમનો પક્ષ પણ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૧૮૬ તા.૧૮–૧–૧૧ થી ડે.કમિ.(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (રેકર્ડ), ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકાર ટાઉન પ્લાનીંગ તથા અરજદારને અપીલ અરજીમાં મુળ અરજીથી માંગેલ માહિતી, ફી ભર્યાની વિગત,તબદીલી કોઈ થયેલ હોય તો તે રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી ટાઉન પ્લાનીંગ તરફથી પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/૪૩૬ તા.૩૧–૧–૧૧ ના રોજ પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૧૩૭૪ તા.૩–૧–૧૧ થી સુપ્રિ.શ્રી સીટી સર્વે, બહુમાળી, નાનપુરા તથા ટાઉન પ્લાનીંગ વિભાગ, સુરત મહાનગરપાલિકાને તબદીલ કર્યા અંગેની નકલ, જાહેર માહિતી અધિકારી ટાઉન પ્લાનીંગ વિભાગ તરફથી પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/૪૩૨ તા.૨૭–૧–૧૧ થી અરજદારને આપેલ માહિતીના પત્રની નકલ, તથા સીટી સર્વે સુરતની તા.૨૭–૧–૧૧ ના રોજ આપેલ પત્રની નકલ, નોંધ વિભાગ અત્રેના વિભાગને મળેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી રેકર્ડ તરફથી પત્ર નં.આર.કે/૩૯૩ તા.૨૯–૧–૧૧ થી પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ,તથા સેન્ટ્રલઝોન તરફથી તબદીલ કર્યા અંગેના પત્રની નકલ અત્રેના વિભાગને મળેલ છે. પરંતુ રેકર્ડ વિભાગને અરજી મળેલ નહીં હોવાનું જણાવેલ છે. તેથી કોઈ માહિતી આપવામાં આવેલ નથી તેવું જણાવેલ છે. જયારે અરજદાર તરફથી તા.૨૭–૧–૧૧ ના રોજ મુળ અરજીની નકલ, તથા ફી ભર્યાની વિગત તથા તબદીલ પત્રની નકલ મળેલ છે.

અરજદારની તા.૧–૧–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન સુરત મહાનગરપાલિકા ખાતે કરવામાં આવેલ. જે જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૧૩૭૪ તા.૩–૧–૧૧ થી સુપ્રિ.શ્રી સીટી સર્વે ઓફિસ, બહુમાળી મકાન, નાનપુરા તથા ટાઉન પ્લાનીંગ વિભાગને તબદીલ કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/૪૩૨ તા.૨૭–૧–૧૧ થી વોર્ડ નં.૧૧ , નોંધ નં.૧૫૦૪ વાળી મિલ્કત મુગલીસરા ખાતેની સુરત મહાનગરપાલિકાની મુખ્ય કચેરી ટાઉન પ્લાનીંગ કચેરીએ ઉપલબ્ધ સીટી સર્વેના પ્રોપર્ટીકાર્ડની નકલ મુજબ સુરત મ્યુનિસીપાલીટી નામે આવેલ છે. સદર મિલ્કતની કયા દસ્તાવેજ કે હુકમોને આધારે માલિકીની થઈ તે અંગે ટાઉન પ્લીનીંગ કક્ષાએ કોઈ રેકર્ડ ઉપલબ્ધ નથી." તેવું જણાવેલ છે. જે બાબતે અરજદારે તા.૧૧–૧–૧૧ ના રોજ નિર્દિષ્ટ સમયગાળામાં મળેલા પ્રતિભાવથી નારાજ થઈ તા.૧૧–૧–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જે બાબતે જાહેર માહિતી અધિકારી ટાઉન પ્લાનીંગ તરફથી અરજદારને પૂરી પાડવામાં આવેલ પ્રોપર્ટી નકલમાં અરજદારે માંગેલ માહિતી સદર મિલ્કત સરકારી દફતરે કોના નામે ચાલે છે? તેવા પ્રશ્ન બાબતે સદર મિલ્કત સુરત મ્યુનિસીપાલીટીના નામે ટ્રાન્સફર થયેલ છે તેવું જણાવેલ છે. ત્યાર બાદ અરજદારે જો મહાનગરપાલિકાના નામે હોય તો કયારે અને કયા દસ્તાવેજ કે હુકમના આધારે તેની માલીકી થઈ તેની વિગત બાબતે પણ પ્રોપર્ટી નકલમાં નિયામક ગુજરાત રાજય ગાંધીનગરના નં.એસવી/૮૬૪ (૫) પરિપત્રના આધારે તા.૭–૮–૯૦ ના પરિપત્ર મુજબ ટુંકા અક્ષરેની નોંધ થયેલ જણાવેલ છે. આમ અરજદારને માંગવામાં આવેલી માહિતીની વિગતો જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ જણાય છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧–૧–૧૧ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને પુરી પાડેલ હોઈ અપીલ અરજી અંગે કોઈ હુકમ કરવાનો રહેતો ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૨–૧૧

પ્રતિ,
(૧) ડે.કમિ.(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (રેકર્ડ), ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી (ટાઉન પ્લાનીંગ)..જાણ તથા અમલ માટે .
(૨) શ્રી અબ્દુલવદુદ અહમદમીયા જારૂલ્લાહ,